

બુદ્ધિનો
બાદશાહ

મૂરખનો સરદાર

શ્રી મનોરંજનમાળા પુષ્પ : ૬ ઠું

મૂરખનો સરદાર

[સચિત્ર]

—: લેખક :—

પ્રકાશમ્ રાવલ
(કાલીદાસની બાલવાતો,
બીરબલની બાલવાતોના કર્તા)



કિંમત આઠ આના

—પ્રકાશક—
એન. એમ. ઠક્કરની કંપની
બૂકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ . . . . મુંબઈ–૨

આવૃત્તિ ૧લી
પ્રતો : ૨૦૦૦

☆

સંવત : ૨૦૦૬
સન : ૧૯૫૦

★

અનુક્રમ

★


★

આ પુસ્તક રાવપુરા–વડોદરા, અશોક પ્રિન્ટરીમાં, રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું અને નંદલાલ મોહનલાલ ઠક્કરે એન. એમ. ઠક્કરની કંપની માટે, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨ થી પ્રકટ કર્યું.

મૂરખનો સરદાર

એક વખત દૂર દેશથી કોઇ સોદાગર ઘોડા લઇ દિલ્હી શહેરમાં આવ્યો. બાદશાહે કેટલાક ઘોડાઓ પસંદ પડવાથી ખરીદી લીધા. તેવા જ સુંદર ઘોડાઓની વધારે જરૂરિયાત હોવાથી, તે સોદાગરને એક લાખ રુપિયા અગાઉથી આપતાં બાદશાહે કહ્યું, 'જુઓ, આવા જ સુંદર અરબી ઘોડાઓ ફરી પાછા આવો ત્યારે લેતા આવજો.'

સોદાગર તો એક લાખ રૂપિયા લઇને વિદાય થઈ ગયો; પરંતુ કોઇએ એને એનું નામ પણ ન પૂછયું. બીરબલે બાદશાહની આ વાત ધ્યાનમાં



આપે પેલા સોદાગરને ઘોડા ખરીદવા રૂપિયા આવી રીતે જ આપ્યા છે. (પાન ૨૬)

રાખી લીધી.

હવે એક દિવસ એવું બન્યું કે, બાદશાહ ખુશ મિજાજમાં બેઠા હતા. દરબારમાં આજે કાંઇ કામ-કાજ ન હોવાથી શાહે બીરબલને કહ્યું, ' બીરબલ, આપણા ગામમાં જે જે મૂર્ખાઓ રહેતા હોય, તેનાં નામો મને તૈયાર કરી આપ. '

આ સાંભળી બીરબલે જવાબ આપ્યો, ' નામ-વર, એ નામો તો મેં પહેલેથી જ તૈયાર કરી, લખી રાખ્યાં છે. તેમાં સૌથી પહેલું આપ ખુદાવંદનું જ નામ છે ! '

બાદશાહે કહ્યું, ' મારું નામ ? અને તે વળી પાછું સૌની મોખરે ? શા કારણથી તેં મને મૂર્ખાઓ-નો સરદાર ગણ્યો તે બોલ તો ખરો ? નહિતર આજે તારે ફાંસીએ લટકવાનો વખત આવશે. '

આ સાંભળી બીરબલે ધીરજથી જવાબ આપ્યો, ' નામવર, કોઇ પણ જાતની ઓળખાણ વગર, અને નામ કે ઠામ લીધા વગર, કોઇને પૈસા ધીરનાર માણ-સને શું કહેવો ? "

‘ મૂરખો. ’

‘ તો પછી ખુદાવંદ, આપે પેલા સોદાગરને ઘોડા ખરીદવા એક લાખ રૂપિયા આવી રીતે જ આપ્યા છે. આથી આપ નામદારને શું કહેવા ? ’

આ સાંભળી બાદશાહ બીરબલ પર ઘણા જ ખુશી થયા. એની ચતુરાઇની તારીફ કરી.

ત્રણે ગુણ બીરબલમાં

એક વખત કેટલાક દરબારીઓએ બાદશાહને કહ્યું ' નામવર, આપ હરહંમેશ કોઇ પણ બાબત માટે બીરબલની જ સલાહ પૂછો છો; તો શું અમારામાંથી કોઈ પણ બુદ્ધિશાળી જ નથી ? '

આ સાંભળી બાદશાહે કહ્યું, ' તમારા બધાનો સવાલ બરાબર છે. જુઓ, આજે મને વનસ્પતિનું બીજ શું, એ જાણવાની ઇચ્છા થઇ છે. માટે તમારામાંથી કોઇ મારા આ સવાલનો જવાબ કહો. '

આ સાંભળી બધા દરબારીઓએ ઘણો યે વિચાર કર્યો, પરંતુ બાદશાહના સવાલનો જવાબ ન આપી શક્યા. એટલામાં બીરબલ આવ્યો.

બાદશાહે એનો એ જ સવાલ બીરબલને પૂછયો.

બીરબલે જવાબ આપતાં કહ્યું, 'નામવર, પાણી એ જ વનસ્પતિનું બીજ છે; કારણ, વનસ્પતિ માત્ર-નાં બીજ જમીનમાં દટાયલાં છે; પરંતુ જ્યારે વર-સાદનું પાણી પડે છે, ત્યારે જ તે ઊગી શકે છે. તેને જો પાણી ન મળે તો એક પણ બીજ ઊગી શકે નહિ. માટે પાણી એ જ વનસ્પતિનું બીજ છે.'

બીરબલનો આ જવાબ સાંભળી, ત્યાં બેઠેલા બધાએ દરબારીઓ શરમિંદા બની નીચું મોં કરી ગયા. બાદશાહે દરબારીઓને કહ્યું, 'જોયું? હવે તમે સારી રીતે સમજી ગયા હશો કે, હું વારંવાર બીરબલની સલાહ શા માટે લઉં છું. મારા દરબા-રમાં બીરબલ જેવો બુધ્ધિશાળી, ચતુર અને હાજર-જવાબી બીજો કોઇ પણ નથી. એનું કામ એ સારી રીતે જાણે છે, અને તમે સૌ તમારું કામ સારી રીતે જાણો છો. માટે સૌએ પોતપોતાનું કામ સંભાળવું જોઈએ. બીજાના કામમાં માથું મારવું નહિ.'

આથી બધા દરબારીઓએ બાદશાહની માફી માગી.


સૌથી મોટું કોણ?

એક વખત બાદશાહે બીરબલને પૂછ્યું: ‘બીરબલ, આ સંસારમાં બધા કરતાં વધારે બળવાન, અને મોટું કોણ?’

‘નામવર, આપ માનતા હશો કે આપ બધાથી બળવાન અને મહાન છો; પરંતુ ખુદાવંદ, આ સંસારમાં સર્વથી મોટું તો નાનું બાળક છે.’

‘કવિરાજ! પાછો કવિતાએ મંડયો કે શું? શું બાળક બધાથી મોટું? કેવી રીતે? કહે જોઈએ?’

‘નામવર, વખત આવ્યે એ સાબીત કરી આપીશ.’



‘ બાળરાજાને કોઇની પણ દરકાર નથી. ’ (પાન ૧૧)

આમ કહી બીરબલ અને બાદશાહ બીજી વાતે વળગ્યા.

થોડા દિવસ વીત્યા પછી, એક દિવસ કોઈ કામ પ્રસંગે બીરબલ બાદશાહના રાજમહેલમાં ગયો. આ વખતે અકબર બાદશાહ બેઠાબેઠા પોતાના બાળ-શાહજાદાને હાથમાં તેડી ગેલ કરાવતા હતા.

બાળકે તો ગેલમાં ને ગેલમાં પોતાનો એક હાથ લાંબો કરી બાદશાહની દાઢી પર અડાડ્યો. એ તો બાદશાહની દાઢી ખેંચી ગમત કરવા લાગ્યો. બાદ-શાહની આ ગંમત જોઈ, બીરબલે બાદશાહને કહ્યું, 'નામવર, મેં આપને અગાઉ કહ્યું હતું કે, બધાથી મોટું નાનું બાળક છે, એની આપને હવે ખાતરી થઈ ને?'

'કેવી રીતે?'

'નામવર, બાળરાજાને કોઈની પણ દરકાર નથી. એ તો બસ,-પોતાના ગેલમાં જ મસ્ત છે. નામવર, આપના તરફ આંખ કરી જોવાની કોઈની પણ તાકાત નથી. પરંતુ એ તાકાત આ

બાળકમાં છે.

‘ આ બાળકે આપને કંટાળો આપ્યો અને માન ન સાચવ્યું. છતાં પણ આપ એને કશી સજા કરી શકતા નથી. માટે નામવર, બાળક બધાથી મહાન છે.’

આ સાંભળી શાહે હસીને કહ્યું, ‘ ધન્ય છે, બીરબલ, તારી બુદ્ધિ–ચતુરાઇ અને હાજરજવાબીને. ’

આમ વાતો કરતાં બાદશાહ અને બીરબલ દરબારમાં ગયા.

બાદશાહે સિંહાસન પર બેસી ભરદરબારમાં સવાલ પૂછયો, ‘ જો કોઇ મારી દાઢી ખેંચે તો મારે એને શું સજા કરવી ? ’


બાદશાહનો આ સવાલ સાંભળી કોઇએ કહ્યું, ‘ ફાંસી દેવી. ’ કોઇએ કહ્યું, ‘ માથું જ ઉડાવી દેવું.’ આખરે બાદશાહે બીરબલને પૂછયું, ‘બોલ બીરબલ ! દાઢી ખેંચનારને મારે શું સજા કરવી ? ’

બીરબલે કહ્યું. ‘ ખુદાવંદ, એને મીઠાઈ ખવડાવવી ! ’

બધા દરબારીઓ હસી પડયા અને બોલ્યા, ‘ શું કામ ? ’

બીરબલ બોલ્યો, ‘ જુઓ, શાહજાદા સિવાય કોઇનો પણ હાથ શહેનશાહની દાઢી સુધી પહોંચી શકતો નથી. માટે હવે તમે જ કહો ને કે, શાહજાદાને ફાંસી દેવી, કે એનું માથું ઉડાવી દેવું, કે પછી તેને મીઠાઇ ખવડાવવી ? ’

આ સાંભળી બધાએ દરબારીઓ શરમાઇ ગયા. પોતે ઉતાવળા થઇ જવાબ આપ્યો એ માટે બધા પસ્તાવા લાગ્યા.



હારનો ચોર શોધી આપો.

એક વખત બાદશાહના મહેલમાંથી એક કિંમતી હીરાનો હાર ચોરાઇ ગયો. આ હાર ચોરનાર મહેલના નોકરોમાંથી જ કોઇક હોવો જોઇએ, કારણ, એ સિવાય બીજા કોઈ બહારનાથી તો ચોરી થઈ શકે નહિ. આથી બાદશાહે ચોરને પકડવાનું કામ બીરબલને સોંપ્યું, કારણ, બીરબલ બુદ્ધિશાળી હોવાથી ગમે એ રીતે ચોરને પકડી પાડશે, એવી બાદશાહને ખાતરી હતી.

બીરબલે બાદશાહના દિવાનખાનામાં જઇ

બધા યે નોકરોને ભેગા કરીને કહ્યું, 'જુઓ, હું મંત્ર ભણું છું. તમે બધા શાંતિથી આંખ બંધ કરીને બેસો. હું કહું ત્યારે આંખ ઉઘાડજો. મારા મંત્રબળથી આ હીરાના હારની ખાલી પેટી મને કહેશે કે, કોણે હાર લીધો છે.'

આમ કહી બીરબલે થોડી વાર સુધી મનમાં ને મનમાં સાચાખોટા મંત્ર બોલીને કહ્યું, 'જુઓ, પેટી કહે છે કે, જેની દાઢીમાં એક ફોતરું ચોંટેલું છે........'


હજુ તો બીરબલ આટલું બોલે છે, ત્યાં તો જેણે હીરાના હારની ચોરી કરી હતી, એ નોકરે એકદમ પોતાની દાઢી પર હાથ ફેરવ્યો, 'રખે ને કોઈ ફોતરું મારી દાઢીમાં ચોંટયું તો નથી ને?'

બીરબલે આ જોયું. એ પોતાની જગાએથી ઊભો થયો, અને પેલા નોકરનો હાથ પકડીને કહ્યું, 'ભાઇજાન, હવે બાદશાહનો હાર પાછો આપી દો. તમે એ ઘણા દિવસ તમારી પાસે રાખ્યો!'

બિચારા નોકરે ગભરાઇ જઇ પોતાનો ગુનો

કબૂલી લીધો. તરત હાર પાછો લાવી બીરબલને આપ્યો.

બીજે દિવસે અકબરના હાથમા બીરબલે મૂંગા મોઢે હીરાનો હાર આપ્યો. હારની ચોરી કરનાર નોકર સંબંધી કશી પણ વાતચીત ન કરતાં, બીજી વાતે વળગ્યો.



અકબરી મહાભારત

●

એક વખત બાદશાહના દરબારમાં જુદાજુદા દરેક ધર્મનાં પુસ્તકોની ચર્ચા ચાલતી હતી. એવામાં કોઇએ કહ્યું, ‘ જહાંપનાહ, જો આપની બહાદુરીનું ‘ અકબરી મહાભારત ’ કોઇ રચે તો ઇતિહાસમાં અજોડ સ્થાન મેળવે. ’

આ સાંભળી બાદશાહે કહ્યું, ‘ હા; વાત તો ખરી છે. પણ એ કામ કરે કોણ ? ’

આ સાંભળી પેલો માણસ બોલ્યો, ‘ નામવર, એ કામ તો બીરબલ સિવાય બીજું કોઈ ન કરી શકે.


માટે એ કામ એને જ સોંપો.'

પેલા માણસને મનમાં એમ જ કે, લાવને બીરબલની મશ્કરી ઉડાવું, કે જે કામ એનાથી થઈ શકશે નહિ. બાદશાહ એના પર ગુસ્સે થશે, અને એને કાઢી મૂકશે.

આ સાંભળી બાદશાહે પોતાની 'અકબરી મહાભારત' રચાવવાની ઈચ્છા બીરબલને કહી સંભળાવી.

બાદશાહની ઇચ્છા સાંભળી બીરબલ બોલ્યો, 'નામદાર, એ મહાન ઈતિહાસનું પુસ્તક લખતાં ઓછામાં ઓછો એક મહિનો લાગશે; તેમ જ એની બધી હકીકતો ભેગી કરવા માટે સારી એવી રકમનો ખરચ થશે. જો આપ એ રકમ આપો તો હું આજથી 'અકબરી મહાભારત'ના શ્રી ગણેશ માંડું.'

બાદશાહે બીરબલના કહેવા મુજબ શાહી ખજાનામાંથી રકમ અપાવી. બીરબલે એ પૈસા જ્યાં જ્યાં સડકો, કૂવા, તળાવ, નહેરો વગેરેની અગવડ હતી તે બંધાવવામાં ખર્ચ્યા.



બીરબલ પોતાના એક નોકરના માથે કોરા પાનાંનો મોટો એવો ચોપડો ઉપડાવી બાદશાહના દરબારમાં હાજર થયો. (પાન ૨૦)

એક મહિનો પૂરો થવા આવ્યો ત્યારે બીરબલ પોતાના એક નોકરને માથે કોરાં પાનાંનો મોટો એવો ચોપડો ઉપડાવી બાદશાહના દરબારમાં હાજર થયો અને કહ્યું, 'નામવર, 'અકબરી મહાભારત' પૂરું થવાની તૈયારીમાં જ છે; પરંતુ એમાં માત્ર એક જ વસ્તુ વિષે આપને પૂછવાનું બાકી છે. આપ નામવર રજા આપો તો તે હું પૂછું.'

બાદશાહે પૂછ્યું, 'બોલ, શું પૂછવું છે?' બીરબલે કહ્યું. 'નામવર, આપને તો ઘણી બેગમો છે. તો તેમાંથી કઈ બેગમસાહેબાનું મુબારક નામ દ્રૌપદીના સ્થાને મૂકું?'

આ સાંભળી બાદશાહે કહ્યું: 'જાઓ; મોટી બેગમને દ્રૌપદી બનાવો. વધારે જે કાંઈ પૂછવું હોય તે એને પૂછો.'

આ સાંભળી બીરબલ ચોપડો ઉપડાવી મોટી બેગમના મહેલમાં ગયો. બાદશાહના શોખ વિષે થોડી-ઘણી વાતચીત કર્યા પછી બીરબલે કહ્યું, 'મને બાદશાહે 'અકબરી મહાભારત' રચવાનું કહ્યું છે.

એ માટે એમણે દ્રૌપદીનું સ્થાન આપને આપ્યું છે. માટે જેવી રીતે દ્રૌપદીનાં વસ્ત્રો દુઃશાસને ખેંચી એની ભરસભામાં લાજ લીધી હતી, તેવી રીતે આપનાં વસ્ત્રો ખેંચી કોઈએ લાજ લીધી છે? આ સવાલનો જવાબ જો આપ આપો તો મારું 'અકબરી મહાભારત' સંપૂર્ણ થાય.'

આ સાંભળી બેગમને ઘણો જ ગુસ્સો ચડયો.

તેણે એક દાસીને બોલાવી, ચોપડાનાં પાનાંઓ જેમ તેમ ફાડી નાખી, એને બાળી નાખવાનો હુકમ કર્યો. દાસીએ બેગમના દેખતાં જ એ 'અકબરી મહાભારત'નો ચોપડો બાળી નાખ્યો.

આથી બીરબલ નિરાશ થતો બાદશાહના દરબારમાં ગયો, અને બધી ય બનેલી હકીકત પૂરેપૂરી રીતે કહી સંભળાવી.

છેવટે કહ્યું, 'જહાંપનાહ, જો આપ નામવરની ફરી એવી ઇચ્છા હોય તો હું ફરીથી પાછું એ પુસ્તક લખવાની શરૂઆત કરું.'

આ સાંભળી બાદશાહ બોલ્યા, 'ખેર! જે કાંઇ

થવાનું હતું તે થઇ ગયું. હવે ફરી પાછું લખવાની કાંઈ જરૂર નથી. તેં આ કામમાં તારી ખરેખરી ચતુરાઇ બતાવી છે, અને એ જોઇ હું બહુ જ ખુશ થયો છું.'

બાદશાહના આ શબ્દો સાંભળી 'અકબરી મહાભારત'ની વાત શરૂ કરનાર પેલો માણસ મનમાં ને મનમાં બળતો ગુપચુપ રવાના થઇ ગયો. કારણ, રખે ને બીરબલ વળી પાછો એને ફસાવે તો શું મોં બતાવવું?




દાડમના દાણા જેવા દાંત

એક વખત બાદશાહ દરબારમાં નિરાંતે બેઠા હતા, એવામાં એમને એક પ્રશ્ન સૂઝયો. એમણે તરત જ દરબારીઓને પૂછયું, 'એવી કઇ વસ્તુ છે કે જે પાછળથી આવે છે, અને અગાઉથી જાય છે ?'

બાદશાહનો આ સવાલ સાંભળી બધા મુંઝાયા. અંદરો અંદર બહુએ વિચાર કર્યો, પણ કોઇને કાંઇ સૂઝયું નહિ.

આખરે જ્યારે દરબારમાં બીરબલ આવ્યો ત્યારે બાદશાહે એને એનો એ જ સવાલ પૂછયો. બીરબલે તરત જ જવાબ આપ્યો, 'ખુદાવિંદ, એ વસ્તુ તે દાંત. કારણ, માણસનો જન્મ થયા પછી એ આવે છે, અને મરણ પામે એ પહેલાં એ ચાલ્યા જાય છે.'

આ જવાબ સાંભળી બાદશાહે બીરબલને સાબાશી આપી.



' માણસનો જન્મ થયા પછી એ આવે છે, અને મરણ પામે એ
પહેલાં ચાલ્યા જાય છે. ' (પાન ૨૩)

'ખાલી હાથે આવિયા—જાવું ખાલી હાથ !'

卐

એક વખત બાદશાહ દરબાર ભરીને બેઠા હતા, એવામાં શાહે સવાલ પૂછયો: ' બીરબલ, માણસ જન્મે છે ત્યારે એની મુઠીઓ બંધ હોય છે; અને મરણ પામે છે ત્યારે, મુઠીઓ ખુલ્લી રાખે છે. એનું કારણ શું ?'

'નામદાર, એ વાત ખૂબ લાંબી છે.' બીરબલે કહ્યું.

' ત્યારે તું કહી સંભળાવ.' બાદશાહે કહ્યું.

' ભલે ત્યારે, સાંભળો. સિકંદર બાદશાહ જ્યારે મરણપથારીએ પડયો ત્યારે મોટામોટા વૈદ્યો ને હકીમોને બોલાવી પોતાનો અખૂટ ભંડાર તેઓના આગળ ઠાલવી દીધો, અને કહ્યું: ' ગમે તેમ કરી એવી જડીબુટ્ટી શોધી કાઢો કે, જેથી મારી પાસે કદી પણ મૃત્યુ ન આવી શકે.' પણ

એવું કદી ન બન્યું છે કે, કોઈ માણસ કદી મરણ જ ન પામે ? મોટામોટા હકીમોએ સિકંદર બાદશાહને કહ્યું, "સરકાર, અમે આખી દુનિયા શોધી વળીએ તો પણ એવી જડીબુટ્ટી હાથ લાગવી મુશ્કેલ છે. માટે નામવર, હવે તમારી છેલ્લી શી ઇચ્છા છે કે જે, અમે પૂરી કરી શકીએ ?'

આ સાંભળી સિકંદરે કહ્યું, 'પ્યારા દોસ્તો, મારા મરણ બાદ મને કબ્રસ્તાનમાં લઇ જતી વખતે મારી સાથે મારો ખજાનો પણ સાથે લેતા આવજો. આ બધુંએ મેં મારા બાહુબળથી મેળવ્યું છે છતાં પણ હું એને ભોગવી ન શકયો, કારણ કે એનાથી હું મૃત્યુ પણ ખરીદી શકતો નથી. આ વાતનો મને ખેદ છે. માટે મારા મરણ બાદ મારી સાથે જ મારો ખજાનો સાથે લેજો. વધારામાં મારા ખુલ્લા હાથ મારા જનાજા બહાર ખાસ કરીને રાખજો.'

સિકંદરના મરણ બાદ એના સિપાઇઓએ બાદશાહની ઇચ્છા મુજબ, એના હાથ જનાજાની

બહાર રાખી, આખા શહેરમાં ફેરવ્યો. આખીએ પ્રજા આ જોઇ રહી. આ જોઇ સિકંદરના ગુરુએ કહ્યું: 'સિકંદર બાદશાહે પોતાના બાહુબળથી કિલ્લાઓ જીત્યા, શહેરો જીત્યાં, જર-ઝવેરાત મેળવ્યું. આમ અખૂટ ભંડાર ભેગો કર્યો, છતાં પણ આજે એ આ બધું પોતાની પાછળ છોડી ખુલ્લા હાથ લઇ ચાલ્યો જાય છે. આ બતાવે છે કે, માણસના મરણ પછી કોઇ ચીજ એની સાથે નથી આવી શકતી. માત્ર એના સારા ગુણો અને કીર્તિ જ લોકોમાં ગવાય છે.'

બીરબલની આ વાત સાંભળી શાહે પૂછ્યું, 'બીરબલ, ત્યારે આ દુનિયામાં ખરો સુખી કોણ?'

'જહાંપનાહ, આ દુનિયામાં જીવતાં સુધી કદી કોઈ માણસ સુખી કહેવાય નહિ. કારણ, જે આજે સુખી ગણાય છે, તેની આવતી કાલે શી હાલત થશે, તે કોઈ કહી શકતું નથી. માટે મરણ પછી જ માણસ સુખી કહી શકાય. માણસે કોઈ પણ જાતનું અભિમાન ન કરવું, કારણ, કાલ કેવી જશે તેની કોઇને ખબર નથી.'

આ સાંભળી બાદશાહને પૂરતો સંતોષ થયો.

★

તો કરવી છુટ્ટી કેમ ?

★

એક વખત ભર દરબારમાં બાદશાહના કોઠારનો ઉપરી દોડતો દોડતો આવ્યો ને કહ્યું, ' નામવર, નામવર, ખાંડની આખીએ ગુણી રસ્તા પર ઢોળાઇ ગઈ છે, અને રેતીની સાથે ભેગી થઈ ગઈ છે. હવે શું કરવું ? '

આ સાંભળી બાદશાહે ત્યાં બેઠેલા દરબારીઓને પૂછ્યું, ' કહો, રેતી અને ખાંડ ભેગાં થઈ ગયાં છે; તો એને જુદાં કેમ કરવા ? ' આ સાંભળી દરેકે જવાબ આપ્યો, ' નામવર, એ રેતી અને ખાંડના મિશ્રણને

વીણાવી, રેતીના દાણા કાઢી નખાવો, એટલે બાકી રહેશે ખાંડ.'

આ જવાબ સાંભળી બાદશાહ તો હસવા મંડયા, અને બોલ્યા, 'એમાં કેટલો વખત લાગે, એની કાંઈ ખબર છે ?'

આ સાંભળી બીરબલે જવાબ આપ્યો, 'નામવર, ખાંડ અને રેતીને સૂકી જમીન ઉપર પાથરી દો, એટલે કીડીઓ આવી ખાંડ ઘસડી જશે, અને બાકી રેતી રહી જશે.'


બીરબલનો આ જવાબ સાંભળી બાદશાહ ખુશ થયા.



જાજે રે મોતી ગોરાના દેશમાં !

卐

અકબર બાદશાહને પાછલી ઉંમરમાં ટોમસ રોના સહવાસથી યુરોપિયન પહેરવેશનો થોડો ઘણો વાદ લાગ્યો હતો. બીરબલને બાદશાહના આ શોખની ખબર પડી ગઇ હતી. એક દિવસે બાદશાહ અને બીરબલ સાગરકિનારે ફરતા હતા, ત્યારે નામવરના ગળામાંથી સાચા મોતીની માળા સાગરમાં પડી ગઇ. બાદશાહે કહ્યું, ' બીરબલ, બીરબલ, જો તો ખરો, મારી મોતીની માળા પાણીમાં પડી ગઇ ! જરા તપાસ કરીને શોધી કાઢ ને ? '



‘ આ મોતીને સાત સાગર વીંધી ગોરાઓના મુલકમાં જવા દો. ’

(–પાન ૩૨)

આ સાંભળી બીરબલે પોતાની ચતુરાઇ ઢાંસી ઢાંસીને જવાબ આપ્યો:

'નામવર, હવે આ મોતીને સાત સાગર વીંધી ગોરાઓના મુલકમાં જવા દો ને ?'

'કેમ ?'

'એ મોતી ત્યાં જઇ તમારી કીર્તિનાં યશોગાન ગાશે !'

આ જવાબ સાંભળી બાદશાહ સમજી ગયા કે, બીરબલની આવું કહેવાની શું મતલબ છે.

સમાપ્ત

નવું ચિત્રમય બાલ-કુમાર સાહિત્ય

મૂરખલાલનાંપરાક્રમો સેટનાં	૨-૧૨	કુમાર કથાઓ	૩-૦
ચરીત્ર રત્નો સેટ ૧ લો	૨-૧૨	ચાણક્ય	૨-૦
ચરીત્ર રત્નો સેટ ૨ જો	૨-૧૨	બરફનું રણ	૨-૦
બુદ્ધિનો બાદશાહ સેટના	૨-૧૨	વિક્રમની વાતો	૪-૮
ટાગોરની બાલવાતો	૨- ૦	બુદ્ધિ વિલાસ	૫-૦
ચતુર સુજાણ	૧- ૮	જય ગુજરાત	૧-૪
બીરબલની ચિત્રમય બાલવાતો	૩-૦	દાદાજીનું ડહાપણ	૩-૮
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧-૪	અક્કલ અજમાવો	૩-૦
કવિ કાલીદાસની બાલવાતો	૨-૮	ખેલાડી	૩-૦
અમારાં ગીત	૦-૬	બાટલીનો ભૂચ	૩-૦
રાસ કોકિલા	૦-૭	કીલુ યાને વીંટીની શોધમાં	૨-૦
પાયલ બાજે	૦-૭	બાની વાતો	૨-૦
મામાનું ઘર કેટલે ?	૨-૦	આદમમીયાં	૧-૪
જાદુઇ ચક્કી	૩-૦	સમર્થ રામદાસ	૦-૬

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ ● ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨